PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૮/કવા–૦૧/૧૮–૧૯/ 3390 (7) તા 02-04-18

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
મેરગ કારા આંબલીયા,
ગામ: કેશોદ
તા.ખંભાળીયા,
જી. દેવભુમી દ્રારકા
મો: ૯૭૨૩૦ ૮૮૪૧૬

વિષય :–નવા ખેતીવાડી જોડાણ મા – જુનુ ટી.સી. ઉભુ કરાયા અંગે
સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૦૮/કવા–૦૧/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી,વડત્રા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

કમિટી મીટીંગ: તા. ૨૪–૦૪–૧૮ સ્થળ : જામનગર

કેસ નં. : સીજીઆરએફ : ૦૮/ક્વા–૦૧/૧૮–૧૯

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: મેરગ કારા આંબલીયા, ગામ: કેશોદ**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

## વિરુધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,વડત્રા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)**

**રજુઆત કરનાર :આર.વી.સોમાણી (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)**

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેતીવાડી જોડાણ મા – જુનુ ટી.સી. ઉભુ કરાયા અંગે**

**મુદદા નં.–૧ :** **પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ પોતાની ખેતીવાડી વીજજોડાણ ની જમીન મા ૭.૫ હોપા નુ વીજ જોડાણ મેળવવા માટે – વર્ષ–૨૦૧૧ મા માંગણી કરેલ હતી. જે, અરજદાર ના નામથી મંજુર કરાયેલ છે. તેનુ ભાવપત્રક મળતા– તેઓએ ભાવપત્રક તા.૧૭–૧૧–૧૭ થી ભરપાઈ કરી આપેલ છે. જે અનુસંધાને – પીજીવીસીએલ દ્વારા – તેઓને જાણકારી આપ્યા વગર – તેઓની માલીકી ની જમીન મા પીજીવીસીએલ દ્વારા ટી.સી. ઉભુ કરાયેલ છે. જે ટ્રાન્સફોર્મર જુનુ હોય – તેમા સતત ઓઈલ ટપકતુ હોવાથી બદલાવવા માટે – વારંવાર પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુઆત કરેલ – તેમજ વર્તુળ કચેરી ને પણ લેખીત મા જાણકારી આપેલ હોવા છતા – તેમ છતા – તેઓની અરજી ને ગ્રાહય રાખેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર પોતાની માલીકી ના સર્વે નંબર મા – નવા ખેતીવાડી વીજજોડાણ ની માંગણી – તા.૨૨–૦૯–૧૧ ના રોજ ના અનુસંધાને – અગ્રતાક્રમ મુજબ – તેઓને તા.૦૭–૧૧–૧૭ ના રોજ ભાવપત્રક પાઠવેલ – જે અરજદાર દ્વારા તા.૧૭–૧૧–૧૭ ના રોજ ભરપાઈ કરી આપેલ છે. જે અન્વયે – સદર અરજદાર નુ ખેતીવાડી વીજજોડાણ – પીજીવીસીએલ ની નિગમીત કચેરી ના પત્ર ક્રમાંક : પીજીવીસીએલ / પ્રોજેક્ટ / ૨૫૨ તા.૨૧–૦૨–૧૮ અનુસંધાને રીપેર કરેલ ટ્રાન્સફોર્મર – નવા ખેતીવાડી વીજજોડાણ સત્વરે ચાલુ કરવા જે તે સમયે ઉપલબ્ધ હોય – તે મુજબ – રીલીઝ કરાયેલ છે.<br>• અરજદાર ની રજુઆત મુજબ – જુના મુકાયેલ ટ્રાન્સફોર્મર માથી સતત ઓઈલ ટપકે છે. જે અનુસંધાને – તા.૨૦–૦૪–૧૮ ના રોજ પેટા વિભાગીય કચેરી,વડત્રા ના નાયબ ઈજનેર દ્વારા અરજદાર ના પ્રતિનીધી ની હાજરી, મા સ્થળ તપાસ કરાવેલ – જે મુજબ – સદર ટ્રાન્સફોર્મર માથી ઓઈલ ટપકતુ હોય તેમ જણાયેલ નથી, તે મુજબ અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ હોય – તે બદલન રોજકામ મા અરજદાર ના પ્રતિનીધી – માલદે મેરગ આંબલીયા એ સહી કરી આપેલ છે. |

**મુદદા નં.–૩ :**

| | **: નિષ્કર્ષ :** |
|---|---|
| **૩** | • ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | • અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર ની નવા ૭.૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ ની અરજી તા.૨૨–૦૯–૧૧ ના અનુસંધાને – પીજીવીસીએલ કક્ષાએથી ભાવપત્રક તા.૦૭–૧૧–૧૭ ના રોજ પાઠવાયેલ – જે અરજદાર દ્વારા તા.૧૭–૧૧–૧૭ ના રોજ ભરપાઈ થતા – પીજીવીસીએલ કક્ષાએથી વીજલાઈન અને ટ્રાન્સફોર્મર સ્થાપિત કરવાની કામગીરી પૂર્ણ કરેલ છે.<br>• અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ અન્વયે – પીજીવીસીએલ કક્ષાએથી તા.૨૦–૦૪–૧૮ ના રોજ અરજદાર ના પ્રતિનીધી તરીકે હાજર રહેલા – તેમના પુત્ર શ્રી માલદે મેરગ આંબલીયા ની રૂબરૂ મા સ્થળ તપાસ કરેલ અને જરૂરી માહિતી થી વાકેફ કરાવેલ, જેમા કોઈપણ જાતનુ ટ્રાન્સફોર્મર માથી ઓઈલ ટપકતુ હોય તેમ જણાયેલ નથી, આમ – અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ કરાયેલ છે. |

**મુદદા નં.–૪ :**

| | **હુકમ** |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ કક્ષાએથી તા.૨૦–૦૪–૧૮ ના રોજ અરજદાર ના પ્રતિનીધી તરીકે હાજર રહેલા – તેમના પુત્ર શ્રી માલદે મેરગ આંબલીયા ની રૂબરૂ મા સ્થળ તપાસ કરેલ અને જરૂરી માહિતી થી વાકેફ કરાતા – આમ – અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ કરાયેલ હોય – તે મુજબ ના રોજકામ મા સહી કરી આપેલ છે. જે બાબતે ની બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫"** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.